# 36

**રાજ્યમાં સિંહ સંવર્ધન–સંરક્ષણ**

* **15/4/1121 ડૉ. પ્રદ્યુમન ગનુભાઈ વાજા** (કોડિનાર) **: માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સિંહોના સંવર્ધન અને સંરક્ષણ માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ પગલાં લીધેલ છે કે કેમ, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો શું પગલાં લેવામાં આવેલ છે? | (૨) • સિંહોના સંવર્ધન અને સંરક્ષણ માટે રાજ્ય સરકાર દ્વારા ખુલ્લા કુવામાં પડી અકુદરતી રીતે મૃત્યુ પામતા સિંહોના સંરક્ષણ માટે ખુલ્લા કુવાને પેરાપેટ વોલ બાંધી સુરક્ષિત કરવાની યોજના અમલમાં મુકવામાં આવેલ છે.<br>• બિમારી અકસ્માત કે અન્ય કારણોસર વન્યપ્રાણીઓને તાત્કાલિક સારવાર મળી રહે તે માટે સાસણ, જામવાળા, જસાધાર સકકરબાગ ઝૂ, જુનાગઢ, સાત વીરડા, રાણીગાળા, વડાળ, અમરાપુર, ગીર, ક્રાંકચ બાબરકોટ વિગેરે ખતે વન્યપ્રાણી સારવાર કેન્દ્રની વ્યવસ્થા ઉભી કરવામાં આવેલ છે અને સારવાર કેન્દ્રોમાં વેટરનરી ડૉકટરની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. આ સારવાર કેન્દ્રોમાં વન્યપ્રાણીઓને લાવી સારવાર કરવામાં આવે છે અને વન્યપ્રાણીઓની રેસ્ક્યુની કામગીરી કરવામાં આવેલ છે.<br>• વન વિભાગ દ્વારા સિંહોના અવર–જવર વાળા વિસ્તારમાં તકેદારી રાખવા માટે વન્યપ્રાણી મિત્રો અને ટ્રેકર્સ રોકવામાં આવે છે. સ્ટાફને તાલીમ આપવામાં આવેલ છે.<br>• વન્યપ્રાણીના રેસ્ક્યુ માટે રેપીડ એકશન ટીમ તથા રેસ્ક્યુ ટીમની રચના કરવામાં આવેલ છે.<br>• અભયારણ્ય વિસ્તારમાંથી પસાર થતા જાહેર માર્ગો પર સ્પીડ બ્રેકરો મુકવામાં આવેલ છે.<br>• અકુદરતી મૃત્યુ માટે જવાબદાર એવા રેલ્વે ટ્રેક પર થતાં અકસ્માતોને ઘટાડવા માટે રેલ્વે સત્તાતંત્ર સાથે ઉચ્ચ કક્ષાએ સમયાંતરે બેઠકો યોજીને વિસ્તૃત વિચારણાઓ કરવામાં આવે છે. આવા સંવેદનશીલ વિસ્તારોમાં સઘન પેટ્રોલીંગ, ટ્રેનની ગતિ નિયંત્રણની સુચનાઓ (કૉશન ઓર્ડર્સ) કરવામાં આવે છે. તથા વોચ ટાવર અને સોલર લાઈટ્સ મૂકવામાં આવે છે.<br>• લોકજાગૃતિના ભાગરૂપે વન્યપ્રાણી સંરક્ષણમાં સહકાર આપવા માટે જાહેર માર્ગો પર સાઈન બોર્ડ મુકવામાં આવેલ છે.<br>• ચેકીંગનાકા પર સી.સી.ટી.વી. કેમેરા મુકવામાં આવેલ છે.<br>• વન્યપ્રાણી દ્વારા માનવ ઈજા, માનવ મૃત્યુ તથા લોકોના જાનમાલનું થતુ નુકશાન બાબતે સરકારશ્રી દ્વારા નિયમોનુસાર વળતરની જોગવાઈ અમલમાં મુકવામાં આવેલ છે.<br>• કેપ્ટીવ બ્રીડીંગ સેન્ટરની વ્યવસ્થા ઉભી કરવામાં આવેલ છે. વન્યપ્રાણીઓ માટે પીવાના પાણીની વ્યવસ્થા ઉભી કરવામાં આવેલ છે. |

- વન્યપ્રાણીઓ અને માનવઘર્ષણ ઓછુ થાય તે માટે ખેડુતોના ખેતરોમાં તેમના પાકના રક્ષણ કરવા માટે મંચાણ યોજના અમલમાં મુકવામાં આવેલ છે.
- સિંહ તથા અન્ય વન્યપ્રાણીના શિકાર અટકાવવા ક્ષેત્રિય સ્ટાફ દ્વારા સતત ફેરણા અને નાઈટ પેટ્રોલીંગ કરવામાં આવે છે તથા સ્ટાફને વાહન, હથિયાર, વોકીટોકી વિગેરે ફાળવવામાં આવેલ છે.
- સમયાંતરે પોલીસ વિભાગ, વન વિભાગ અને પી.જી.વી.સી.એલ. દ્વારા સંયુકત પેટ્રોલીંગ પણ કરવામાં આવે છે.
- અન્ય રાજ્યમાંથી આવતા મજુરો દંગાઓ બાંધીને ગ્રામ્ય વિસ્તારમાં વસવાટ કરતા હોય તેવા દંગાઓ ચકાસવામાં આવે છે.
- સિંહોને રેડિયો કોલરીંગ કરવામાં આવેલ છે. સાસણ ખાતે હાઈટેક મોનીટરીંગ યુનિટની સ્થાપના કરવામાં આવેલ છે. આ યુનિટ દ્વારા વન્યપ્રાણીઓને લગાવવામાં આવેલ રેડીયો કોલરની મોનીટરીંગની કામગીરી કરવામાં આવે છે.
- હેબીટાટ ડેવલપમેન્ટ, ભૂમિ ભેજ સંરક્ષણની કામગીરી, રોડ નેટવર્કીંગની કામગીરીઓ કરવામાં આવે છે.
- સિંહ તથા અન્ય વન્યપ્રાણીઓના શિકારના કેસમાં વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ– ૧૯૭૨ હેઠળ ગુન્હેગારોની સામે નામ. કોર્ટમાં કેસ કરવામાં આવે છે.

----------------------------